सत्य मेव जयते

| દાખલ તારીખઃ- | ૦૮-૦૮-૨૦૨૬ | | |
|---|---|---|---|
| નોંધણી તારીખ | ૦૮-૦૮-૨૦૨૬ | | |
| ફેસલ તારીખઃ- | ૧૧-૦૮-૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષઃ ૦૦ | માસઃ ૦૦ | દિવસઃ ૦૩ |

---

## અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.આઠમા અધિક સેશન્સ જજશ્રીની કોર્ટમાં, અમદાવાદ

---

| **ક્રિ.પ.અ.નં.** | **૨૩૬૦/૨૦૨૬** |
|---|---|
| **આંકઃ-** | |

**અરજદારઃ-** (૧) **સિદ્ધાર્થ ઉર્ફે સોનુ દિનેશભાઈ ચૌહાણ,**
ઉ.વ.૨૪, ધર્મેઃ-હિન્દુ, ધંધોઃ-નોકરી,
(૨) **આશિષભાઈ દિનેશભાઈ ચૌહાણ,**
ઉ.વ.૨૭, ધંધોઃ-નોકરી, ધર્મેઃ-હિન્દુ,
બંન્ને રહે. મકાન નં.૫, શંકરનગર સોસાયટી,
મગનપુરા ટેકરાની સામે, રાણીપ, અમદાવાદ.
(હાલ બંન્ને તા.૩૦-૦૭-૨૦૨૬ થી જ્યુડી.કસ્ટડી-સાબરમતી જેલ)

**વિરુદ્ધઃ-**

**સામાવાળાઃ-** **સરકારશ્રી.**

**બાબતઃ- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમઃ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રીઃ-** **આર.બી.પરમાર**

**સામાવાળા સરકાર તર્ફે વિ.ડી.જી.પી.શ્રીઃ-** **પી.એમ.ત્રિવેદી**

**:: હુકમ ::**

(૧) અરજદારે હાલની અરજી રાણીપ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૨ ૨૬૦૨૭૯/૨૦૨૬ બી.એન.એસ. ની કલમઃ-૧૦૮, ૫૪ મુજબના

કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમઃ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા માટે કરેલી છે.

(૨) હાલના કામે ફરિયાદ હકીકત ટુંકમાં એવી છે કે, તા.૦૨-૦૭-૨૦૨૬ ના કલાકઃ-૨૦.૧૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે મ.નં.૫, શંકરનગર સોસાયટી, મગનપુરા, રાણીપ, અમદાવાદ શહેર ખાતે ફરિયાદીની દિકરી માનસી મહેન્દ્રકુમાર ધોબી, ઉ.વ.૨૦, રહે.મ.નં.૫, શંકરનગર સોસાયટી, મગનપુરા, રાણીપ, અમદાવાદ શહેરનાઓને તેના પતિ સિદ્ધાર્થ તેના સાસુ સંગીતાબેન તથા સસરા દિનેશભાઈ તથા જેઠ આશીષભાઈ તથા જેઠાણી પ્રિયંકાબેનનાઓ અવાર-નવાર કહેતા કે તારા પિયરથી કોઈ દર-દાગીના લાવેલ નથી તેમજ તારા કરતા અગાઉ સિદ્ધાર્થની સગાઈ સંજના નામની છોકરી સાથે કરી હતી તે છોકરી તારા કરતા સારી હતી તેમ કહી મહેણા ટોણા મારી, મારઝુડ કરી માનસિક ત્રાસ આપવાના કારણે માનસીએ ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરેલ હોવાનો આક્ષેપિત ગુનો દાખલ કરવામાં આવેલ છે.

(૩) હાલની અરજી અન્વયે સામાવાળાશ્રી સરકારને નોટીસ કરતા સામવાળા તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી પી.એમ.ત્રિવેદી હાજર થઈ તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજૂ થયેલ છે.

(૪) અરજદારના વિ.વ.શ્રીની રજૂઆત છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ તથા બેગુનાહ વ્યક્તિ છે, તેઓ સદરહુ ગુનામાં કોઈ જ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ ભજવેલ ન હોવા છતાં ખોટી રીતે સંડોવણી કરી ફસાવી દીધેલ છે. વધુમાં, આ કામના અરજદારો હાલના મરણજનારને બનાવના દિવસે કે તેમના આગલા દિવસે કે લગ્ન થયા બાદથી બનાવના દિવસ સુધી કોઈપણ પ્રકારે માનસિક કે શારીરીક ત્રાસ આપેલ નથી કે મરણજનારને કોઈપણ રીતે મરી જવા માટે/આત્મહત્યા કરવા માટે કોઈપણ પ્રકારનું દુષ્પ્રેરણ કરેલ નથી. આ કામના અરજદાર કાયમી વસવાટ ધરાવે છે અને કુટુંબ-કબીલાવાળા માણસ હોય, ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી ગુનાહીત ઈતિહાસ નથી તેમ જણાવી હાલની

જામીન અરજી મંજુર કરવા રજૂઆત કરેલ છે.

(૫) આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી ત્રિવેદી દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, હાલના અરજદારો/આરોપીઓ વિરુદ્ધના બી.એન.એસ. ની કલમઃ-૧૦૮, ૫૪ જેવા ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપ છે. વધુમાં, તેઓએ રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર / આરોપીઓ વિરુદ્ધ પ્રથમદર્શનિય કેસ છે અને તેઓ નાસતા ફરતા હોય હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે તો તપાસમાં અડચણ ઉભી થાય તેમ છે. તેઓની આ કામે સીધી સંડોવણી છે અને આ કામે મરણજનાર સ્ત્રી માત્ર ૨૦ વર્ષની ઉંમરની છે તેમજ લગ્નના ખુબ જ ટુંકા ગાળામાં આત્મહત્યા કરવામાં આવેલ હોય અને હાલમાં ગુનાની તપાસ ચાલુ હોય જામીન અરજી ના-મંજુર કરવા રજૂઆત કરેલ છે.

(૬) જામીન અરજી વંચાણે લીધી. ઉભય પક્ષકારોની દલીલો સાંભળી. જામીન અરજીનો નિર્ણય કરતા સમયે આરોપીઓ સામેના ગુનાની ગંભીરતા, ગુનાનો પ્રકાર, આરોપીઓએ ગુનામાં ભજવેલો ભાગ, આરોપીઓની નાસી ભાગી જવાની શક્યતા, ટ્રાયલ સમયે હાજરીની શક્યતા, સમાજનું વિશાળ હિત વગેરે પરીબળો ધ્યાને લેવાના રહે છે. આ કામે કેસની હકીકતને ધ્યાને લેતાં ફરિયાદપક્ષના કથન મુજબ મરણ જનારના લગ્ન આરોપી નં.૧ સિદ્ધાર્થ દિનેશભાઈ ચૌહાણ સાથે થતા તેણી તેના પતિ સાથે રહેવા ગયેલ અને ત્યાં તેણી સંયુક્ત કુટુંબમાં સાસુ-સસરા અને જેઠ-જેઠાણી સાથે રહેતા હતા. લગ્નજીવન દરમિયાન મરણજનારના પતિ સિદ્ધાર્થ તેના સાસુ સંગીતાબેન તથા સસરા દિનેશભાઈ તથા જેઠ આશીષભાઈ તથા જેઠાણી પ્રિયંકાબેનનાઓ અવાર-નવાર કહેતા કે તારા પિયરથી કોઈ દર-દાગીના લાવેલ નથી તેમજ તારા કરતા અગાઉ સિદ્ધાર્થની સગાઈ સંજના નામની છોકરી સાથે કરી હતી તે છોકરી તારા કરતા સારી હતી તેમ કહી મહેણા ટોણા મારી, મારઝુડ કરી માનસિક ત્રાસ આપતા હોવાના કારણે તા.૦૨-૦૭-૨૦૨૬ ના રોજ મરણજનારે ગળે ફાસો

ખાઈ આત્મહત્યા કરતા તે અંગેની ફરિયાદ આરોપીઓ વિરુદ્ધ નોંધવામાં આવેલ છે.

(૭) વધુમાં, જ્યારે એ હકીકત નિર્વિવાદીત હોય કે મરણજનારે તેણીના લગ્ન તા.૧૧–૧૨–૨૦૨૫ થી માત્ર સાત માસ જેટલા નજીવા લગ્નજીવનમાં આત્મહત્યા કરેલ હોય નાગરીક સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમઃ–૧૧૭ મુજબનું અનુમાન થાય કે, મરણજનારે આરોપીઓ તરફથી શારીરીક, માનસિક ત્રાસ હતો તેથી જ તેણીએ આત્મહત્યા કરેલ છે. આ તબક્કે કલમઃ–૧૧૭ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

**Section-117. Presumption as to abetment of suicide by a married woman :**

when a question is whether the commission of suicide by a woman had been abetted by her husband or any relative of their husband and it is shown that she had committed suicide within a period of seven years from the date of her marriage and that her husband or such relative of her husband had subjected her to cruelty, the court may presume, having regard to all the other circumstances of the case, that such suicide had been abetted by her husband or by such relative of her husband."

(૮) ઉપરોક્ત કાનુની જોગવાઈઓ ધ્યાને લેતાં જ્યારે લગ્નના માત્ર ૦૭ મહિનાના સમયગાળામાં હાલના મરણજનારે આત્મહત્યા કરેલ હોય અને તે સંબંધે ફરિયાદીએ તેમની ફરિયાદમાં તેણીને આત્મહત્યા કરવા માટે હાલના આરોપીઓએ દુષ્પ્રેરણ આપેલ હોવાનો આક્ષેપ કરેલ હોય અને ગુનાની ગંભીરતાને ધ્યાને લેતાં તથા સમાજ ઉપર થતી અસર અને આરોપીની સંડોવણી વગેરે તમામ હકીકતોને ધ્યાને લેતાં જ્યારે ગુનાની તપાસ ચાલુ હોય, ડિસ્ક્રીશ્નરી પાવર આરોપીઓની તરફેણમાં

હાલના તબક્કે વાપરવો ન્યાયોચિત જણાતો નથી અને તે રીતે હાલની જામીન અરજી મંજુર કરવા પાત્ર જણાતી નથી. વધુમાં, હાલના કેસમાં અરજદારો / આરોપીઓ વિરુદ્ધ જે આક્ષેપો છે તે પ્રથમદર્શનિય રીતે માનવા લાયક છે અને અરજદારો / આરોપીઓ સામે ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપો હોય તે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારને અરજી મંજુર કરવા પાત્ર જણાતી નથી. તેથી અરજદારની તરફેણમાં વિવેકબુદ્ધીની સત્તા વાપરવી ન્યાયોચિત જણાતુ ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–:: હુકમ ::–</u>

➔ આથી હાલના અરજદારો / આરોપીઓ **(૧) સિદ્ધાર્થ ઉર્ફે સોનુ દિનેશભાઈ ચૌહાણ (૨) આશિષભાઈ દિનેશભાઈ ચૌહાણ નાઓની** રેગ્યુલર જામીન અરજી **ના–મંજુર યાને કે રદ્દ** કરવામાં આવે છે.

➔ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
SANJAYKUMAR CHHAGANBHAI MAKVANA
on 11/08/2026 17:33:54 IST.

**તા.૧૧–૦૮–૨૦૨૬**
**અમદાવાદ**

**(સંજયકુમાર છગનભાઈ મકવાણા)**
**૮ મા એડીશ્નલ સેશન્સ જજ**
**અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ**
**UID No GJ**00920